## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ વખતે ખરા અર્થમાં બજેટ સારું બનાવ્યું છે. આ વખતે બજેટ સારું છે તે સાબિત કરવાની જાહેરાતનો પચાસ કરોડનો ખર્ચ બચાવ્યો છે...!

# સે. ૮, ૨૪ અને ૨૭ના રંગમંચોનું રિનોવેશન સંપન્ન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સે. ૮, ૨૪ અને ૨૭ના રંગમંચોનું પાટનગર યોજના વિભાગ દ્વારા નવીનીકરણની કામગીરી રૂ. ૪.૫૦ કરોડના ખર્ચે સંપન્ન થઈ છે.

પાટનગર યોજના દ્વારા રિનોવેટ કરાયેલા રંગમંચ પછી હવે સે. ૧૨ અને ૧૩ના રંગમંચોનું પણ નવીનીકરણ કામ હાથ પર લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

પાટનગર યોજના વિભાગ દ્વારા રિનોવેશન કરાયેલા રંગમંચોને મનપાના હસ્તક મુકવાની સક્રિય વિચારણા ચાલી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. પાટનગર યોજનાના સૂત્રોએ જણાવ્યુ છે કે મનપાને અગાઉ પાંચ રંગંચોનું સંચાલન સોંપવામાં આવ્યુ હતુ. આ રંગમંચોનું મનપા દ્વારા રિનોવેશન કરવામાં આવ્યુ હતુ. પાટનગર યોજના હસ્તકના રંગમંચોનું ભાડુ રૂ. ૨૦૦ જેટલુ વસુલવામાં આવે છે.

મનપાને સંચાલન માટે રિનોવેટ કરાયેલા રંગમંચો સોંપવા અંગેનો નિર્ણય પણ આગામી એકાદ માસમાં લેવાઈ જશે તેવા સંકેતો આપવામાં આવ્યા છે.

સે. ૮ માં તો રંગમંચના રિનોવેશન પછી પાર્કિંગ માટે પેવર બ્લોક નાખી ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે. સે. ૨૪ અને ૨૭ માં રંગમંચ નજીકની ખુલ્લી જગ્યામાં પાર્કિંગ માટે પેવર બ્લોકનું કામ કરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની ગઈકાલે મળેલ કારોબારીની બેઠકમાં મનપાની સામાન્ય ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ કરવા સૂચનાઓ અપાઈ હતી.
- ૪થીએ મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે જેમાં ૨૦૨૧-૨૨ના ડ્રાફ્ટ બજેટમાં સુધારા-વધારા કરી તેને આખરી કરશે.
- ગાંધીનગર મનપાનો વ્હીકલપુલ તૈયાર થઈ ગયો છે હવે તેના લોકાર્પણ માટેની રાહ જોવાઈ રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના કલોલ-માણસા માટે નિમાયેલ આચારસંહિતાના મદદનીશ નોડલ અધિકારીઓમાં ફેરફાર કરતા હુકમો જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવ્યા છે.
- જિલ્લા પંચાયતના પંચાયત શાખાના નાયબ ચિટનીસ ભરતસિંહ વાઘેલાનો આજે જન્મ દિવસ હોવાથી તેમના સાથી કર્મયોગીઓએ બ્રાન્ચમાં જ સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે સાદગીથી ઉજવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ધીમી ગતિએ ગરમાઈ રહ્યો છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે આ સપ્તાહના બીજા દિવસે પણ એક સરખા કેસ કોરોનાના નોંધાયા છે.

## રક્તદાન મહાદાન

# કોટેશ્વરના નાગરીકે ૯ શખ્સો સામે ફરીયાદ નોંધાવી

**વ્યાજના ચક્રવ્યુહમાં પિતા-પુત્ર ફસાયા, વ્યાજખોરોને લાખોની ચુકવણી છતા બાકીને બાકી, અડાલજ પોલીસ મથકે મોટેરા વિસ્તારના ૯ શખ્સો સામે ફરીયાદ, પોલીસે એકની ધરપકડ કરી**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કોટેશ્વર ગામના પિતા-પુત્રએ છેલ્લા પાંચ વર્ષથી પિતા-પુત્ર ઉંચા વ્યાજે ૯ વ્યાજખોરો પાસેથી રૂપીયા લીધા હતા. વ્યાજખોરોને મુડી તેમજ લાખો રૂપીયાનું વ્યાજ આપવા છતા પિતા-પુત્ર પાસે પૈસા બાકી હોવાનું રટણ કરતા હતા. વ્યાજખોરો અપશબ્દો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા રમેશભાઈ પટેલે અડાલજ પોલીસ મથકે ૯ વ્યકિત સામે ફરીયાદ નોંધાવતા પોલીસે એક આરોપીની ધરપકડ કરી લીધી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોટેશ્વર પાસે આવેલી સંપત રેસીડેન્સી ખાતે રહેતા રમેશભાઈ મનહરભાઈ પટેલને ટ્રાન્સપોર્ટના વેપારમાં ખોટ આવતા વર્ષ ૨૦૧૫-૧૬ માં તેમના દિકરા સતિષ પટેલે મોટેરાના પિયુષ ભરવાડ નામના વ્યકિત પાસેથી રૂ.૪.૫૦ લાખ લીધા હતા. જયારે રમેશભાઈ પટેલે પણ રૂ.૧૦ લાખ લીધા હતા. જેમાં માસિક ૧૦ ટકા વ્યાજની સામે અઠવાડીયે ૧૦ ટકા વ્યાજની ઉઘરાણી થતા પિતા-પુત્ર વ્યાજના વિષચક્રમાં ફસાઈ ગયા હતા. ત્યારબાદ તેમણે સંગ્રામ ભરવાડ પાસેથી માસિક દોઢ ટકાના વ્યાજે રૂ.૧.૫૦ લાખ લીધા હતા. ત્યાર પછી ૨૦ ટકા વ્યાજ લેવાનું શરુ કર્યુ હતું. જેમાં રૂ.૨૫ લાખ ચુકવ્યા છતા ૧૭ લાકની ઉઘરાણી બાકી બોલતી હતી. જયારે શૈલેષભાઈ ઉર્ફે શેલ પાસેથી ૨ ટકાના વ્યાજે રૂ.૪.૫૦ લીધા પછી ૧૫ ટકા વ્યાજ વસુલીને ૧૮ લાખ લઈને ૧૨ લાખ રૂપીયા માંગતો હતો. તેવી જ રીતે ભરતભાઈ ભરવાડ ઉર્ફે હાથી પાસેથી ૫ ટકાના વ્યાજે રૂ.૧.૫૦ લાખ લીધા હતા. ત્યારબાદ તેમાં રૂ.૨૦ ટકા વ્યાજ વસુલવામાં આવ્યું હતું. જેમાં રૂ.૫ લાખની ચુકવણી થઈ હોવા છતા ૧૦ લાખ રૂપીયા બાકી બોલી બોલતા હતા. જયારે સુરેસભાઈ ભરવાડ પાસેથી ૧૦ ટકાના વ્યાજે રૂ.૨ લાખ લીધા હતા. જેની સામે ચાર લાખ ચુકવ્યા બાદ રૂ.૧૦ લાખની માંગણી કરતો હતો.ભોપાભાઈ ભરવાડપાસે ૧૫ ટકાના વ્યાજે ૧૫ લાખ લીધા હતા.જેમાં ૩૬ લાખની ચુકવણી કરી દીધી હોવા છતા રૂ.૧૫ લાખની માંગ કરે છે. હિતેશ રબારી પાસેથી ૨૦ ટકાના વ્યાજે ૧૦ લાખ લીધા હતા. જેમાં ૧૬ લાખ ભર્યા તેમ છતા તેઓ રૂ.૧૦ લાખની માંગ કરે છે. ઈન્દરભાઈ સરદાર પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૨.૫૦ લાખ લીધા હતા.જયારે ૭.૫૦ લાખ આપવા છતા ૪ લાખ માંગતા હતા. જગદીશ ગોસ્વામી ૧૫ ટકાના વ્યાજે ૧ લાખ રુપીયાની સામે રૂ.૧૦ લાખ ચુકવણી કરી હોવા છતા ૫ લાખ માંગતા હતા. આરોપીઓ કોરા ચેક પર સહીંઓ કરાવી ખોટા કેસ કરવાની ધમકી આપતા હતા. ફરીયાદમાં થયેલા દાવા મુજબ વ્યાજખોરોના ત્રાસમાં ફસાયેલા સતિષે ગત.તા.૨૫ ડિસેમ્બરના રોજ ૨૦૧૯ અમિયાપુર નર્મદા કેનાલમાં પડી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જો કે સ્થાનિક નાગરીકો દોડી આવતા યુવકને બચાવી લેવાયો હતો. ત્યારબાદ ૧૮ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ સતિષ ઘર છોડીને ચાલ્યો ગયો હતો. તેની શોધખોળ કરતા તે ચોટીલા પાસેથી મળ્યો હતો. આ અંગે અડાલજ જાણવા જોગ નોંધાઈ છે. પોલીસે મોટેરા વિસ્તારના ૯ શખ્સો સામે મોતની ધમકી અને મની લેન્ડર્સ એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો.જયારે આ કેસમાં પોલીસે પિયુષ ભરવાડ નામના શખ્સની ધરપકડ કરી છે. જયારે અન્ય આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ વિભાગે વિવિધ ટીમો બનાવી છે.



**કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદ શ્રમિકોને ગરમ ધાબળાનું વિતરણ કરાયું**

ગાંધીનગરના શ્રી એમ.એસ. બારોટ ચેરીટેબલ ટ્રસ્ટ તથા દૈનિક 'ધરતીના લાલ'ના સંયુકત ઉપક્રમે સે-૧૯ની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિક પરિવારોને શિયાળાની કડકડતી ઠંડીમાં રક્ષણ મળે તે હેતુથી ગરમ ધાબાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે પૂર્વ અધિક મુખ્ય સચિવ ડૉ.એસ.કે. નંદાના જન્મદિવસ નિમિત્તે પણ શહેરમાં જરૂરિયાતમંદોને ધાબળા, માસ્ક તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કામધેનું યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક પી.એચ. વાટલિયા, ખોરાક અને ઔષધ નિયમન તંત્રના નાયબ કમિશનર હિતેષભાઈ રાવત, ધરતીના લાલ દૈનિકના મહિલા તંત્રી ભાગ્યવતીબેન બારોટ, સે-૧૯ ઈન્કવાયરીના એસ.ઓ. ઈસ્માઈલભાઈ શેખ, કલશીંગભાઈ ચારેલ, વિજયભાઈ બારોટ, ચંદન બારોટ, માયા બારોટ, દેવ બારોટ તથા સંસ્થાના કર્મચારીઓ વગેરે જોડાયા હતા.

## ગઢવી-ચારણ મહાસભા (યુવા) દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૨

મુન્દ્રામાં પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલ ગઢવી યુવાનને ન્યાય અપાવવાની માંગ સાથે આજે અખિલ ભારતીય ચારણ ગઢવી મહાસભા (યુવા)ના ગાંધીનગર જિલ્લા પ્રમુખ દુર્ગેશ ગઢવીની આગેવાનીમાં કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

આ આવેદનમાં કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાના સમાઘોઘા ગામના ત્રણ ગઢવી ચારણ સમાજના યુવાનોને શંકાના આધારે પોલીસ દ્વારા ગેરકાયદેસર કરી પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. જેમાં એક યુવાનનું મોત થયુ છે અને બે યુવાનો ગંભીર રીતે ઘાયલ છે.

તેમણે આ ઘટનામાં જવાબદારો સામે અસરકારક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી અને મૃતક યુવાનના પરિવારજનોને આર્થિક સહાય આપવા તેમજ ઘાયલ યુવાનોની સારવાર માટેનો ખર્ચ સરકાર આપે તેવી વિનંતી કરી છે.

## ગાંધી નિર્વાણ દિવસે પુસ્તક પ્રદર્શન યોજાયુ

ગાંધીનગર, તા. ૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં ગાંધી નિર્વાણ દિનની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા નવતર પ્રયોગ હાથ ધરી ઉજવવામાં આવી હતી. મહાત્મા ગાંધી દ્વારા લખાયેલાં અને અન્ય લેખકોએ તેમના પર લખેલાં પુસ્તકો જેવા કે મહાત્માનો આત્મા, ગીતાબોધ, આરોગ્યની ચાવી, મંગળ પ્રભાત, ગાંધીજીની દિનવારી વગેરે પ્રદર્શન સ્વરૂપે ગોઠવાયા હતા. જેમાં સૂચના અને પ્રસારણ મંત્રાલય ભારત સરકાર દ્વારા પ્રકાશિત પુસ્તક મહાત્મા ગાંધી (ચિત્રમય જીવન ગાથા) પ્રદર્શનનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# ચાંદખેડામાં ટ્યુશન કલાસીસ ચલાવનાર શિક્ષકને દશ વર્ષની કેદ

ગાંધીનગર, તા. ૨

અમદાવાદની ૧૬ વર્ષિય સગીરા પર દુષ્કર્મ આચરનાર ટ્યુશન કલાસ ચલાવતા શિક્ષકને કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૭ માં ચાંદખેડા પોલીસ મથકમાં પોક્સો હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવની વિગત મુજબ અમદાવાદના એક વિસ્તારમાં રહેતી સગીરા ધોરણ-૧૧ માં અભ્યાસ કરતી હતી. જેથી ટ્યુશન માટે સગીરા આરોપી પ્રકાશ ઉર્ફે પકો બાબુલાલ પટેલ (રહે. બી-૪૭૨, જનતાનગર ચાંદખેડા)ને ત્યાં જતી હતી. આરોપી પી.બી.પટેલ ટ્યુશન કલાસીસના નામે ઘરે ટ્યુશન કરાવતો હતો. ટ્યુશન કલાસીસમાં ડીફીકલ્ટી લેકચરના બહાને આરોપીએ ભોગ બનનારને એકલી બોલાવી હતી. એકલતાનો લાભ લઈ પાણીમાં કેફી પ્રવાહી પીવડાવી બેભાન કરી દીધી હતી. ત્યારબાદ આરોપીએ ભોગ બનનારના કપડા ઉતારી નગ્ન ફોટા પાડી દીધા હતા. બીજા દિવસે આરોપીએ ભોગ બનનારને તેના નગ્ન ફોટા બતાવી ટ્યુશન કલાસીસમાં જ તેની મરજી વિરુધ્ધ દુષ્કર્મ કર્યુ હતું. આરોપીએ પોતાના તે સમયના ઘર કે.બી.રોયલ અલ્ટીઝા ખાતે વારંવાર બોલાવીને દુષ્કર્મ આચર્યુ હતું. ડિસેમ્બર-૨૦૧૬ના દિવાળી વેકેશનમાં આરોપી ભોગ બનનારને પોતાની કારમાં અપહરણ કરીને ચાંદખેડા થી મહેસાણા હાઈ વે પર આવેલ ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. ત્યાં પણ આરોપીએ દુષ્કર્મ કરીને વિડીયો ઉતારી લીધો હતો. આ વિડીયો ઈન્ટરનેટ પર મુકી વાયરલ કરી દેવાની અને જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો. જે કેસમાં ચાર્જશીટ તઈ ગાંધીનગર સ્પે.પોકસો જજ કે.એમ.સોજીત્રાની કોર્ટમાં કેસ ચાલ્યો હતો. સરકારી વકીલ તરીકે સુનિલ એસ.પંડયાએ સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીને સખતમાં સખત સજા માટે ધારદાર દલીલો કરી હતી. જેમાં કોર્ટે આરોપી પ્રકાશ પટેલને દશ વર્ષની સખત કેદની સજા અને ભોગ બનનારને રૂ.૧ લાખ રૂપીયા વળતર તરીકે ચુકવી આપવા માટે આદેશ કર્યો હતો.



ટ્રાફિકના જવાનો દિવસ-રાત, ટાઢ-ગરમીની પરવાહ કર્યા વિના પોતાની ફરજ બજાવે છે. ટ્રાફિકથી ધમધમતા માર્ગો પર વિકટ પરિસ્થિતિમાં તેઓએ બજાવેલી ફરજ આપણને સલામત અને સુરક્ષિત રાખે છે. આપણને સલામત અને સુરક્ષિત રાખવામાં ભાગ ભજવતા આ ટ્રાફિક જવાનોની કાળજી રાખવામાં આપણે કયાંકને કયાંક ઉણા ઉતરીએ છીએ. તેઓને આપણે યોગ્ય સાધનો પણ આપી શકતા નથી. ટ્રાફિક જવાનો માટે ચાર રસ્તા પર લગાવામાં આવેલી છત્રીના ચીંથરા ઉડી ગયા છે. તેને બદલવાની તસ્દી પણ લેવાતી નથી.

# કેએસવીના વુમન એન્ટ્રપ્રિન્યરશિપ સેલ દ્વારા ૧૧ દિવસીય એન્ટ્રપ્રિન્યરશિપ ડેવલપમેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉચ્ચતમ અભ્યાસ માટે કટિબદ્ધ છે ત્યારે "શિક્ષણ એજ સાચી સેવાની" ઉક્તિને ચરિતાર્થ કરતાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના વુમન એન્ટ્રપ્રિન્યરશિપ સેલ દ્વારા તા. ૧ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી એન્ટ્રપ્રિન્યરશિપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પૂર્વ ચેરમેન માણેકલાલ પટેલ સાહેબના જન્મદિનના શુભ દિવસે આ ટ્રેનિંગ પ્રોગ્રામનો શુભારંભ કરવામાં આવ્યો. આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં કુલ ૫૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓને સઘન તાલીમ માટે કેએસવીની વિવિધ કોલેજમાથી નોમિનેટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૩૪૭ વિદ્યાર્થીઓ રિટન એકઝામ ક્લિયર કરીને તેમાથી મેરીટમાં આવતા ૨૪૭ વિદ્યાર્થીઓને પર્સનલ ઈન્ટરવ્યુ માટે સિલેક્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી ૧૦૯ વિદ્યાર્થીઓને ફાઈનલ ટ્રેનિંગ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

ટ્રેનિંગ પ્રોગ્રામના મુખ્ય અતિથિ તરીકે ઈડીઆઈના એન્ટ્રપ્રિન્યર અને ટ્રેઈનર ચંદ્રમૌલિ પાઠક ઉપસ્થિત રહ્યા હતા જેમણે જણાવ્યુ હતુ કે ઉદ્યોગ સાહસિકતાને એક કમિટમેન્ટ, ડેડીકેશન અને લાઈફસ્ટાઈલ તરીકે જોવાની જરૂરિયાત છે. વ્યક્તિ પોતાનામાં રહેલી આવડતને જો ઓળખતો થઈને સાચે માર્ગે તે આવડતને વાળે તો તેને ઉદ્યોગસાહસિક બનતાં કોઈ રોકી ન જ શકે તે વાત પર તેઓએ ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે મેન્ટર ડો. કૃતિ પટેલે પોતાના વકત્વ્યમાં કેએસવી યુનિવેર્સિટી, ડબલ્યુઈસી માટે પોતાની કૃતગ્નતા દર્શાવી, સમગ્ર ટીમને ઉત્સાહથી કાર્ય કરવા પ્રેરણા આપી હતી. કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલે અને ડાયરેક્ટર ડો. ગાર્ગી રાજપરાએ વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવી જીવનમાં ખૂબ આગળ વધી કુટુંબ, સમાજ અને યુનિવર્સિટીનું નામ રોશન કરવા માટે શુભેચ્છા પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં વિવિધ કોલેજોના ડબલ્યુઈસી કો-ઓર્ડીનેટર, ડૉ. શિવાની ત્રિવેદી તથા સિલેક્ટ થયેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડભોડાની તાલુકા શાળાના બાળકોને રમતગમતના સાધનોની સહાય

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાના ડભોડાની તાલુકા પ્રાથમિક શાળાને લેડિઝ સર્કલ ઓફ ઈન્ડિયા તથા રાઉન્ડ ટેબલ ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે રમતગમતના સાધનો જેવા કે લપસણી, હિંચકા, જુલા, કેરમબોર્ડ, ક્રિકેટની કીટ, ફૂટબોલ, બેઝબોલ, રસ્સીકૂદ સહિતની વસ્તુઓ આપી હતી. આ પ્રસંગે ઓર્ગેનાઈજેશનના રાષ્ટ્રીય પ્રમુખ નિધિ કરવાની કલકતા તથા એરીયા ઈલેવન ચેરપર્સન પાયલ ગેહલોત તથા અમદાવાદ સિનર્જી લેડિઝ સર્કલના ચેરપર્સન જયા પાઠક સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# સાદરા ખાતે માર્ગ સલામતી અને રસીકરણ પર રાજ્યકક્ષાનો વેબીનાર






ગાંધીનગર, તા. ૨

ગૂજરાત વિધાપીઠ, અમદાવાદ, રાષ્ટ્રીય સેવા યોજના-કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ સંસ્થાન ઈ.ટી.આઈ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, રાજ્ય એન.એસ.એસ., સેલ ગાંધીનગર અને ક્ષેત્રિય નિર્દેશાલય રાષ્ટ્રીય સેવા યોજના કેન્દ્ર અમદાવાદ આયોજિત રાજયકક્ષાનો વેબીનાર માર્ગ સલામતી, કોરોના વાયરસ રસીકરણ અભિયાન તથા યુવા કાર્યક્રમ યુનિસેફનો આયોજન કરવામાં આવ્યું જેમાં અધ્યક્ષ તરીકે ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત સરકારના અધિક કમિશનર નારાયણભાઈ માધુ હાજર રહ્યા હતા. વેબીનારમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રોડ સેફટીના કમિશનર લલિત પાડલીયા સાહેબ પણ વર્ચુઅલ માધ્યમથી હાજર રહ્યા હતા. આ વેબીનારમાં માર્ગદર્શક તરીકે રાજ્ય સરકારના એન.એસ.એસ. રાજ્ય સંપર્ક અધિકારી બિપિનચંદ્ર નિનામા અને નિયામકશ્રી, રાસેયો ક્ષેત્રિય કાર્યાલય, અમદાવાદ ગિરધરભાઈ ઉપાધ્યાય પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં અતિથિ પરિચય અને સ્વાગત પ્રવચન શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, સાદરાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ આપ્યું હતું. વેબીનારમાં કાર્યકર્મની પૂર્વ ભૂમિકા ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ સંસ્થાન, સાદરાના સંયોજક ડો. અરુણભાઈ ગાંધીએ આપી હતી.

આ વેબિનારમાં સડક સલામતી વિષય પર લલિત પાડલિયાએ નિષ્ણાત પ્રવચન આપ્યું હતું. કોરોના મહામારી રસીકરણ અભિયાન વિષય પર ખુબજ સરસ વ્યાખ્યાન ડો. નયનેશભાઈ વસાવા મેડિકલ ઓફિસર, ગ્રામ સેવા કેન્દ્ર, ગૂજરાત વિધાપીઠ, સાદરાએ આપ્યું હતું જ્યારે ભારત સરકારના યુવા કાર્યક્રમ અંતર્ગત યુ રિપોર્ટ વિષય વિસ્તૃત માહિતી શર્મિલા રાય, ચાઈલ્ડ પ્રોટેકશન સ્પેશલિસ્ટ યુનિસેફ, ઈન્ડિયાએ અને કુમાર મનીષ, યુવા સ્ટેટ કન્સલ્ટન્ટ, ગુજરાત અને શ્રીમતી સ્વાતિ જીએ આપી હતી જ્યારે ઊર્જા બચત વિષય પર રાજીવ શ્રીવાસ્તવ, ઈંડિયન ઓઈલ કોર્પોરેશને પોતાનું પ્રવચન આપ્યું હતું આ વેબીનારનું ખુબજ સરસ સંકલન રાજ્ય એન એસ એસ સેલના દેવાંગભાઈ પંડયાએ કર્યું હતું જેમના થકી આ વેબિનારમાં અંદાજિત આખા ગુજરાતમાંથી ૧૦૦ રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ અધિકારી અને પ્રોગ્રામ કોર્ડિનેટર વર્ચુઅલ માધ્યમથી જોડાયા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટે કર્યુ હતુ જયારે કાર્યક્રમની આભાર વિધિ પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકરે કરી હતી.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
વર્ષ-૨૦૨૦-૨૦૨૧
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૫૩/૨૦૨૦-૨૧ | ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં શહેરી ઘર વિહોણા લોકો માટે સેક્ટર-૩૦ થર્મલ પ્લાન્ટની પૂર્વમાં જી.ઈ.બી. કોલોની તરફ ૧૩૮ બેડ શેલ્ટર હોમ બનાવવાની કામગીરી | રૂ. ૩૬૦૦/- | રૂ. ૨,૮૨,૫૦૮/- |

ટેન્ડર ફોર્મ તા. ૪/૨/૨૦૨૧ થી તા. ૧૯/૨૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ : www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.
ટેન્ડર બીડના આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કીન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૨૦/૨/૨૦૨૧ થી તા. ૨૮/૨/૨૦૨૧ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જ ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.
ઓનલાઈન ઓપનીંગ તા. ૧/૩/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૯૦૦/૨૦-૨૧

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી 'ક' રોડ, જી.આઈ.ડી.સી.,
ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪
ફોન નંબર : ૦૭૯-૨૩૨૮૭૧૩૪ થી ૩૮

બિનવપરાશી / બિનઉપયોગી મશીનરી સ્ક્રેપ જેવી કે કેનવોશર પંમ્પ એમ.એસ. બોડી, ઈન્ડકશન મોટર સ્ક્રેપ, સેન્ટ્રીફ્યુગલ પમ્પ, સ્ક્રેપ - બંધ ડીપ ફ્રીજ, તથા મિલ્ક કુલર ડેરી માલસામાન જેવા કે એલ્યુમીનીયમના તુટેલા કાંણા, ઢાંકણ, એલ્યુમિનિયમના કેન, એસ.એસ. કેન, તેટુલી પ્લાસ્ટિક ક્રેટ, એસ.એસ. પ્લાસ્ટીક, અને લાકડામાં બનેલી તુટેલી ડેડ સ્ટોક હેડની આઈટમ, લેબ ઈક્વીપમેન્ટ, બંધ સેન્ટ્રીફ્યુગન મશીન, ઈલેક્ટ્રોનીક ફેટ મશીન, તુટેલું ફર્નીચર પીવીસી તથા લાકડાનું, પરચુરણ એસ.એસ. સ્ક્રેપ, પરચુરણ એમ.એસ. સ્ક્રેપ તથા પરચુરણ પ્લાસ્ટિક ભંગાર તથા મશીનરી સ્ક્રેપ, બંધ કોમ્પ્યુટર હાર્ડવેર પ્લાસ્ટીક સ્ક્રેપ - અને અન્ય સ્ક્રેપ મટીરીયલ વેચવાનું છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ સ્ક્રેપ લઈ જવા માટેનું ફોર્મ અમારી ઉપરોક્ત સંસ્થામાં રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) સંસ્થાના હિસાબી શાખામાં રોકડા ભર્યેથી ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૮/૨/૨૦૨૧ના રોજ ૧૩-૦૦ સુધી કચેરીના ઓફીસ સમય દરમિયાન મળી શકશે. સીલબંધ ભાવ ભરેલ ટેન્ડર ફોર્મ ટેન્ડર ડીપોઝીટ રૂ. ૩૦,૦૦૦/- (રીફંડેબલ)ના ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામનો ડી. ડી. સાથે તા. ૮/૨/૨૦૨૧ના રોજ ૧૬-૦૦ સુધી રૂબરૂ સ્વીકારવામાં આવશે. સમય મર્યાદા બાદ પાછળથી આવેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડરના ભાવ / ઓફર સ્વીકારવા કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો રહેશે.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર**